# જાગૃતિ સંદેશ

# JAGRUTI SANDESH

RNI No. 66215/96 Vol. 25 Issue: 10 Mumbai OCTOBER 2021 Pages: 20 Price: ₹ 5

**પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર**

*Happy Diwali*

*&*

*Happy New Year*



# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ
# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ

**અમારાં હૃદયમાં જેમનું સ્થાન અદકેરૂં છે, એ સમસ્ત જેજેસી પરિવારજનોને ત્રિવિધે ત્રિવિધે**

# સાલ મુબારક



**શ્રી પ્રફુલ્લ વી. કામદાર**
જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ - ચૅરમૅન

### શ્રી પ્રફુલ્લ વી. કામદાર - **ચૅરમૅન**

**તા.ભૂ.પૂ.ચૅરમૅન**
શ્રી સંજય બી. શાહ
**વાઈસ ચૅરમૅન**
શ્રી કિશોર એસ. શેઠ
શ્રી વિનોદ એ. જૈન
**સેક્રેટરી જનરલ**
શ્રી જયંતીભાઈ કે. છાડવા
**સેક્રેટરી**
શ્રી ઉદય ડી. સંઘવી
શ્રી અનિલ જી. દોશી
શ્રી મીતેષ એમ. અંબાવી
શ્રી ભાવિન જે શાહ

**ડેવલપમેંટ સેક્રેટરી**
શ્રી રાજેશ સી. ગાંધી
**ખજાનચી**
શ્રી રાજેશ આર. ભણસાલી
શ્રી પ્રફુલ પી મહેતા
**માનદ્ તંત્રી**
શ્રી ચંદ્રકાંત એફ. શાહ

## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ

### શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી - **ચૅરમૅન**



**શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી**
જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ
ચૅરમૅન

**તા.ભૂ.પૂ.ચૅરમૅન/અનુદાન ટ્રસ્ટી**
શ્રી કિશોર એન. શાહ
**વાઈસ ચૅરમૅન / ટ્રસ્ટી**
શ્રી રમેશ જે. મોરબિયા
**વાઈસ ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી**
શ્રી સંજય બી. શાહ
**સેક્રેટરી / કાયમી ટ્રસ્ટી**
શ્રી પ્રફુલ્લ વી. કામદાર
**સેક્રેટરી / ટ્રસ્ટી**
શ્રી અમિત ડી. કોઠારી
**ખજાનચી / ટ્રસ્ટી**
શ્રી હસમુખ કે. દેઢિયા
**(અનુદાન ટ્રસ્ટી)**
શ્રી પ્રવીણ જી. શાહ,
શ્રી કમલેશ સી. શાહ
**કાયમી ટ્રસ્ટી**
શ્રી હર્ષદ જે. ગાંધી
શ્રી અનિલ જી. દોશી

શ્રી રાજેશ સી. ગાંધી
શ્રી રાજેશ આર. ભણસાલી
**(ટ્રસ્ટી)**
શ્રી કિશોર એસ. શેઠ
શ્રી શૈલેષ ડી. શાહ
શ્રી જયંતી કે. છાડવા
શ્રી ધર્મેશ એસ. જૈન
શ્રી ચંદ્રકાંત એફ. શાહ
**આમંત્રિત**
શ્રી દિનેશ વ્હી. શાહ
શ્રી કિરણ એચ. શાહ
શ્રી રસિક એન. કોઠારી
શ્રી ઉદય ડી. સંઘવી
શ્રી કીર્તિ કે. શાહ
શ્રી મુકેશ સી. શાહ
શ્રી મહેંદ્ર પી. શાહ
શ્રી રમેશ જી. લાખાણી

**જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ**

કેબિનેટ કમિટી ૨૦૨૦-૨૦૨૧

❖ ચૅરમૅન ❖
શ્રી પ્રફુલ્લ વી. કામદાર

❖ તા.ભૂ.પૂ.ચૅરમૅન ❖
શ્રી સંજય બી. શાહ

❖ વાઈસ ચૅરમૅન ❖
શ્રી કિશોર એસ. શેઠ
શ્રી વિનોદ એ. જૈન

❖ સેક્રેટરી જનરલ ❖
શ્રી જયંતીભાઈ કે. છાડવા

❖ સેક્રેટરી ❖
શ્રી ઉદય ડી. સંઘવી
શ્રી અનિલ જી. દોશી
શ્રી મીતેષ એમ. અંબાવી
શ્રી ભાવિન જે શાહ

❖ ડેવલપમેંટ સેક્રેટરી ❖
શ્રી રાજેશ સી. ગાંધી

❖ ખજાનચી ❖
શ્રી રાજેશ આર. ભણસાલી
શ્રી પ્રફુલ પી મહેતા

❖ માનદ્ તંત્રી ❖
શ્રી ચંદ્રકાંત એફ. શાહ



**૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, ગરવારે પૉલિસ્ટરની નજીક, એક્સિસ બૅન્કની ઉપર વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.**
**ફોનઃ ૦૨૨-૬૬૯૭૩૦૩૮/ ૦૨૨-૬૬૯૫૬૬૯૯**
Website : www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com



**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**



**છૂટક મૂલ્ય રૂ.૫/-**
**વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**



**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ**

ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી
શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી

તા.ભૂ.પૂ.ચૅરમૅન/અનુદાન ટ્રસ્ટી
શ્રી કિશોર એન. શાહ

વાઈસ ચૅરમૅન / ટ્રસ્ટી
શ્રી રમેશ જે. મોરબિયા

વાઈસ ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી
શ્રી સંજય બી. શાહ

સેક્રેટરી / કાયમી ટ્રસ્ટી
શ્રી પ્રફુલ્લ વી. કામદાર

સેક્રેટરી / ટ્રસ્ટી
શ્રી અમિત ડી. કોઠારી

ખજાનચી / ટ્રસ્ટી
શ્રી હસમુખ કે. દેઢિયા

(અનુદાન ટ્રસ્ટી)
શ્રી પ્રવીણ જી. શાહ,
શ્રી કમલેશ સી. શાહ

કાયમી ટ્રસ્ટી
શ્રી હર્ષદ જે. ગાંધી
શ્રી અનિલ જી. દોશી
શ્રી રાજેશ સી. ગાંધી
શ્રી રાજેશ આર. ભણસાલી

(ટ્રસ્ટી)
શ્રી કિશોર એસ. શેઠ
શ્રી શૈલેષ ડી. શાહ
શ્રી જયંતી કે. છાડવા
શ્રી ધર્મેશ એસ. જૈન
શ્રી ચંદ્રકાંત એફ. શાહ

આમંત્રિત
શ્રી દિનેશ વ્હી. શાહ
શ્રી કિરણ એચ. શાહ
શ્રી રસિક એન. કોઠારી
શ્રી ઉદય ડી. સંઘવી
શ્રી કીર્તિ કે. શાહ
શ્રી મુકેશ સી. શાહ
શ્રી મહેંદ્ર પી. શાહ
શ્રી રમેશ જી. લાખાણી


## Message From The CHAIRMAN.....



મારા સ્નેહાળ મિત્રો,
ભાઈઓ તથા બહેનો -
બાળકો,

ચીનના સર્વેસર્વા અને વિશ્વ માટે હિટલર ગણાતાં શી - જિનપિંગે કોરોનાનો કાળો કહેર વરસાવીને વિશ્વને હચમચાવી મૂક્યું છે. WHO વિશ્વ આરોગ્ય સંસ્થાએ જાહેર કર્યું હતું કે ચીનની લેબ હુવાંગમાંથી ફેલાયો છે. આ આરોગ્ય સંસ્થા પહેલાં જેવી રહી નથી, જિનપિંગે ખરીદી લીધી હોય એમ ચીનનું વાજિંત્ર-જિનપિંગ કહે એમ વાગે છે. વિશ્વ તબાહી પોકારી રહ્યું છે. એના પેટનું પાણી પણ હાલતું નથી એટલી હદે ખંધુહાસ્ય વેરીને આગ લાગી હોય એમાં તેલ રેડી રહ્યા છે. ખેર, વિશ્વના કેટલાય દેશો પોતપોતાની રીતે વેક્સિન ૧૯ને બાજુ પર રાખીને બેઠાં થઈ રહ્યાં છે. એમાં ભારત વિશ્વ સાથે દોટ લગાવી રહ્યું છે, પણ આજે ભારતના કેટલાય પ્રાંતો-જિલ્લાઓમાં ગરીબ પ્રજા ભૂખે ટળવળી રહી છે. જેમતેમ ગુજરાન ચલાવી રહેલી પરપ્રાંતમાંથી પેટિયું રળવા આવેલ ગરીબ પ્રજા નોકરી-ધંધો વિનાની થઈ ગઈ છે.

છેલ્લાં બે વરસથી વિશ્વની પ્રજા તેઓના તહેવારો મનાવી શકતાં નથી. દેશનો ગરીબમાં ગરીબ માણસ તહેવાર મનાવવા વ્યાજે કે ઉછીના રૂપિયા લઈને તૈયાર હોય છે, પણ આજના માહોલમાં એમ કહી શકવા અસમર્થ છે. ભારતીય પ્રજા દરેક તહેવાર મનાવવા ઉત્સુક હોય છે, ધાર્મિક રીતે ચાલી રહેલી પ્રજાના પગ આગળ વધવા થનગની

રહ્યા છે, પણ સરકાર કોરોનાનો હાઉ આગળ ધરીને તેઓના સ્વપ્ના ચકનાચુર કરી રહી છે. આજે ભારતમાં નવરાત્રી ચાલી રહી છે, પણ કોવિડ - ૧૯ને કારણે ગરબા ગવાતાં નથી, નવરાત્રીના ઢોલ-નગારાં, લાઉડ સ્પીકરોનો ઘોંઘાટ, જુના તાલે નાચતા યુવાન-યુવતીઓના હૈયાં થનગનતા ઠપ થઈ ગયાં છે. રેસ્ટોરન્ટો - સિનેમા ઘરો, મલ્ટી પ્લૅક્સનો ધંધો ઠપ થવાથી એમાં કામ કરતા લોકોની રોજીરોટી છીનવાઈ જવા પામી છે. પરપ્રાંતિયો તેમના નિવાસસ્થાને જવા હોડ મૂકી રહ્યાં છે, પણ પરત ફરવા માટે રૂપિયા હોય તો નોકરી-ધધે આવી શકે ને?

નવરાત્રી પૂરી થઈ કે બીજે દિવસે દશેરાનો તહેવાર આવી લાગ્યો, એ પણ નિરસ રીતે પસાર થઈ જાય અને પંદરેક દિવસ બાકી હતાં હોય ને દિવાળી રૂમઝુમ કરતી આવી ગઈ. ગામડેગામડે અને શહેરોમાં દિવાળી મનાવવા માટે લાઈટીંગ-કંદિલ અને ઘરે ઘરે રંગરોગાન-દિવાળીની મીઠાઈઓ, સેવ-ચેવડો, ચકલી વગેરેની સોળમ આવતી હોય છે એ હવે ક્યાં જોવા મળે છે. એનું કારણ ચીનના હિટલર-હાર્ટેડ શી જિનપિંગ. માણસ જાતનો કટ્ટર દુશ્મન અને ચીનના વાયરાલૉજીસ્ટ ડૉ. લિ. મેંગ પર શંકા આવતાં ધરપકડ કરીને જેલમાં જ રહસ્યમય સંજોગોમાં મૃત્યુ નીપજાવગર જિનપિંગ. આવી વિટંબણા ઓછી હોય એમ મોદી સરકાર પ્રજા પર બે રોકટોક મોંઘવારીમાં વધારો કરી રહી છે.

અરે જરા વિચાર કરો, કે જ્યાંથી કોરોનાનાં કાળા કહેરથી પાંગણી થઈ ગયેલી પ્રજા જ્યાં ત્યાં હવાતિયાં મારીને ઊભી થઈ રહી છે ત્યાં એલપીજી સિલીન્ડરમાં ભાવવધારો શાકભાજી મોંઘા, ગરીબ પ્રજાનો સરકારે ચોખા-ઘઉં મફત તો આવ્યા, પણ એને પકાવવા માટે જોઈતી વસ્તુ જ મોંઘી. દરરોજ છાપાંઓમાં પેટ્રોલ-ડિઝલ અને ચીજવસ્તુઓના સમાચાર વાંચીને ગરીબ પ્રજા હાયસોંસારા કાઢી રહી છે. બે દિવસ પસાર થયા કે કંઈ બાકી રહ્યું હોય એમ કોલસાની રામાયણ. કોલસો નહીં તો 'દેશમાં અંધારપટ છવાશે'ના સમાચારથી પ્રજા હેબતાઈ જવા પામી છે. સરકાર 'ઈલેક્ટ્રીસિટી બચાવવાની બાંગ પોકારે છે. પરંતુ સરકાર જોતી નથી કે સામાન્ય પ્રજાની રોજીરોટી છીનવાઈ ગઈ છે ત્યાં તોતિંગ વીજ બિલ આવતાં હોય છે. એ ભરી નહીં શકાય તો મીટર કાપી લઈ જવાય છે. સાધર્મિક માણસ સારું જ વિચારતો હોય છે કે કાલે દિવસ સુધરી જશે. અને અમે પણ એજ વિચારીએ છીએ કે આગામી જાન્યુઆરી ૨૦૨૨થી સરકાર પ્રજાનું હિત હૈયે ધરશે.

છેલ્લે આપણે એટલું જ વિચારીએ છીએ કે આવા કપરા સમયમાં પેન્ડિમિક સમયમાં દરેક સાધર્મિક વ્યક્તિએ સામાજિક સેવા તરીકે ફૂડ પૅકેટ્સ, અનાજ, ઘરગથ્થું ચીજવસ્તુઓ, માસ્ક, સેનિટાઈઝર, કોવિડ-૧૯ વેક્સિન પૂરાં પાડયા છે તેઓને જે.જે.સી. આભાર વ્યક્ત કરે છે કે આગામી વરસ શક્તિપૂર્વક સૌ વાચકો, શુભેચ્છકો અને એડવર્ટાઈઝરો સૌ સાથે મળીને મનાવ્યીશું સૌને અમારા તરફથી નૂતનવર્ષાભિનંદન ઈચ્છીએ છીએ.

**જૈન જાગૃતિ સૌને**
**નૂતનવર્ષાભિનંદન ઈચ્છે છે.**

*લિ. પ્રફુલ વી. કામદાર*


*ચૅરમૅનઃ જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

**જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના દ્વારા નીચેનાં પદાધિકારી તથા સર્વે સેન્ટરોના સેન્ટ્રલ બોર્ડના જન્મદિવસ નિમિત્તે ચેરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે**

## NOVEMBER CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Vasai | 10-11-2013 | Rajesh Sarvaiya | 9326469837 | Dharmesh Timbadia | 9822149200 |
| 2 | Nathdwara | 16-11-2007 | Sampat Lodha | 9829009552 | Kantilal Dhakad | 9829165070 |
| 3 | Bhuj | 17-11-1996 | Dharmesh Doshi | 9426731639 | Sanjay Morbia | 9924585233 |
| 4 | Bhilwara | 17-11-2007 | Sunil Nahar | 9414114214 | Dinesh Kothari | 9829047663 |
| 5 | Chittorgarh | 17-11-2007 | Atul Sisodia | 9414110657 | Chandan Jain | 9414021777 |
| 6 | Nimbahera | 18-11-2012 | Ashok Navalkha | 9829221427 | Pradeep Modi | 9829224397 |
| 7 | Unjha | 22-11-1998 | Vikram Jain | 9824108123 | Samir Shah | 9426005095 |
| 8 | Hyderabad | 23-11-1996 | Bhavesh Kamdar | 040-24752950 | Pramesh Ajmera | 9885595550 |
| 9 | Kolkata | 24-11-2002 | Bhupendra Kamdar | 9831080023 | Dhirajlal Jagani | 9831194603 |
| 10 | Mandvi | 25-11-2000 | Amit Bhansari | 9825236135 | Rajesh Doshi | 9825235685 |
| 11 | Karnavati | 27-11-1983 | Pankaj Bavishi | 9898031156 | Avnish Shah | 9376260601 |

## JJC CENTRAL BOARD



**Name** : **Rajesh C. Gandhi**
**Date of Birth** : 11-11-1958
**Mobile No.** : 9821069989
**Email ID** : rajesh@kompressindia.com



**Name** : Chandrakant F. Shah
**Date of Birth** : 19-11-1961
**Mobile No.** : 9322990772
**Email ID** : chandra.pack@gmail.com



**Name** : Praful F. Mehta
**Date of Birth** : 28-11-1956
**Mobile No.** : 9820068297
**Email ID** : prafulmehta1@gmail.com

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST



**Name** : Kishor N. Shah
**Date of Birth** : 23-11-1938
**Mobile No.** : 9323368038
**Email ID** : ndkco91@gmail.com

## નૂતન વર્ષ અભિનંદન

શરૂ થતું નવું વર્ષ આપના જીવનમાં સુખ સમૃદ્ધિ લાવે, આપને ન્યાય સંપન્ન વૈભવની પ્રાપ્તિ થાય. આપની લક્ષ્મી મહાલક્ષ્મી બને - આપના જીવનમાં નૂતન જ્ઞાનનો અભ્યુદય થાય. આપના તન-મનનું આરોગ્ય નિરોગી અને સ્વસ્થ રહે એવી ભાવના સાથે જૈન જાગૃતિ સંદેશના દરેક સેન્ટરો, ઉદારદીલ દાનવીરોને જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરીટેબલ ટ્રસ્ટ તથા જૈન જાગૃતિ સેન્ટર બોર્ડના ટ્રસ્ટીઓ, ચૅરમેન તથા પ્રમુખના દીપોત્સવીની મંગલ કામના અને નૂતનવર્ષ અભિનંદન

# મહાવીરનો કર્મવાદ

આપણી સાવ નજીદીકની વ્યક્તિઓ જ આપણને વધું દુઃખ આપતી હોય છે. તેનું કારણ શું? અને તેવે વખતે શું કરવું?

જેની સાથે સૌથી વધુ પ્રેમ સંબંધ ને સૌથી વધુ દ્વેષ સંબંધ ભોગવવાના બાકી હોય તે જ વ્યક્તિઓ આપણી સૌથી નજદીક આવે છે. બાકી તો દુનિયામાં કરોડો લોકો છે.

લેણદેણનાં સંબંધ વગર કોઈની આંખે ય મળતી નથી.

કોણ આપણાં મા-બાપ બનશે?

કોણ સાથીદાર?

કોણ ભાઈ બહેન?

કોણ પુત્ર-પુત્રવધુ?

કોણ દીકરી-જમાઈ?

કોણ પાડોશી?

કોણ સગાં-વ્હાલાં?

આ બધું જ આપણે આ સૃષ્ટિમાં જન્મ લેતાં પહેલાં પૂર્વ કૃત કર્મ પ્રમાણે નક્કી થઈ જાય છે.

જ્યારે કોઈ આપણા જ નજદીકના વ્યક્તિઓ આપણને દુઃખ આપતા હોય ત્યારે વિચારવું કે આ મારાં સગાં બન્યાં છે તે પણ મારાં જ કોઈ પૂર્વજન્મનાં લેણદેણને કારણે તે આજે મારી સાથે વેર રાખી રહ્યાં છે. તેનું કારણ મારા જીવે પૂર્વજન્મમાં ક્યારેક એ જીવ સાથે વેર બાંધ્યું હશે.

ભલે આજે હું મારી જાતને નિર્દોષ માનતો

હોઉં પણ હું ક્યાં જાણું છું કે પૂર્વજન્મમાં મેં આનાથી અનેક ઘણું દુઃખ એ જીવને આપ્યું હશે.

આજે જ્યારે એ જીવ મારી સાથે હિસાબ પૂરો કરવા આવ્યો છે કે મારાં જ કૃત્યની મને ભેટ પરત કરવા આવ્યો છે. ત્યારે હું સમતાભાવે સહર્ષ સ્વીકાર કરું તો જ આ વેરની ગાંઠ ભેદાશે.

નહિ તો જન્મોજન્મ ચાલી આવશે. ના... ના... મહાવીરનો કર્મવાદ સમજ્યા પછી મારે એનો ગુણાકાર નથી કરવો. મને આ દુઃખ સમતાભાવે વેઠવાની, હે... પ્રભુ, શક્તિ આપ... શક્તિ આપ...

ક્યારેક કોઈ વ્યક્તિ સાથે થોડો વખત સારા સંબંધ રહે છે. પછી એ જ વ્યક્તિ દુશ્મન જેવી બની જાય છે ત્યારે સમજવું કે એની સાથે રાગના સંબંધ હતા તે પૂરા થયા.

હવે વેરના સંબંધ ચાલુ થયા લાગે છે.

આવે વખતે બે વસ્તુ ધ્યાનમાં રાખવી. રાગના સંબંધ ઉદયમાં હોય ત્યારે ખૂબ ખુશ ન થવું, અહંકાર ન કરવો, રાગને ટકાવી રાખવા કાવાદાવા ન કરવા, નહીં તો રાગના કર્મોના ગુણાકાર થઈ જશે.

જ્યારે દ્વેષના કર્મ ઉદયમાં હોય ત્યારે અત્યંત દુઃખી દુઃખી ન થઈ જવું, રોકકળ ના કરવી.

બંને સંબંધો સમતાભાવે વેઠવા. વિચારવું કે રાગ પણ કાયમ રહેવાનો નથી, દ્વેષ પણ કાયમ રહેવાનો નથી.

કાચના વાસણ જેવા માનવીના મનનો શું ભરોસો? દ્વેષના સંબંધ ઉદયમાં હોય ત્યારે વચ્ચે કોઇ ત્રીજી વ્યક્તિએ જ આમ કરાવ્યું એમ વિચારી કોઈના પણ પ્રત્યે દ્વેષના સંસ્કાર નાખશો નહિ.

ત્રીજી વ્યક્તિને તો હંમેશા નિમિત તરીકે જ જોજો. નિમિત્તને બચકાં ભરવા નહીં જતાં.

મારાં નસીબમાં આમ બનવાનું જ હતું. માટે જ આ વ્યક્તિ આમાં નિમિત્ત બની છે એમ વિચારીને જે બન્યું છે તે બધું જ સ્વીકાર. હસતે મોઢે સ્વીકાર.

આવી વખતે મહાપુરુષોના જીવનને યાદ કરવું.

ખુદ મહાવીર ભગવાનને એમનાં દીકરી-જમાઈ જ તેમની વિરુદ્ધમાં હતાં. તો શું મહાવીરે તેમના પર રોષ કર્યો?

જો રોષ કર્યો હોત તો તે મહાવીર બની શક્ત?

તમારાં નજીકનાં સગાંને જ તમને ખરાબ ચિતરવામાં બહુ રસ હોય છે. દૂરના ને તો શું પડી હોય.

પાર્શ્વનાથ ભગવાન ને એમના સગા ભાઈનો જીવ, આઠ-આઠ ભવ સુધી તેમને મારવા વાળો બન્યો.

ગાંધીજીને આખી દુનિયા માન આપે છે, તેમનો ખુદનો દીકરો જ તેમના વિરુદ્ધમાં હતો.

ઈસુ ખ્રિસ્તને ખીલા ઠોકવાવાળા એમના જ માણસો હતા.

આ બધાનો વિચાર કરી મનને સમજાવવું કે કસોટી તો સોનાની જ હોય, પિત્તળની ના હોય.

અગર હું પિત્તળની કક્ષામાં છું, તો મારે મારી ભૂલો સુધારી સોનાની કક્ષામાં આવવું.

જો હું સોનાની કક્ષામાં છું તો જાતને ભગવાનને ભરોસે છોડી દેવી.

આ જીવ કરોડો વર્ષોના સંસ્કાર સાથે લઈને આવ્યો છે તે કારણે કદાચ તે વ્યક્તિ ઉપર કે નિમિત્ત ઉપર ખૂબ દુઃખ કે દ્વેષ પણ થઈ જાય, છતાં બને તેટલાં જલ્દી ભાનમાં આવી જઈ હૃદયથી દુશ્મનની પણ ક્ષમા માંગી લેવી.

બને તેટલું આત્મભાવમાં લીન થવું તેથી કર્મ વેઠાશે.

# જેજેસી વિલેપાર્લે

જેજેસી વિલે પાર્લે તેમના ૪૭માં સ્થાપના દિવસે બહુજ સુંદર આયોજન કર્યું હતું. ખુશીસહ જણાવવાનું કે જૈન જાગૃતિ સંગઠનની શરૂઆત ૨૬-૭-૧૯૭૫ના દિવસે આ સેન્ટરથી થઈ હતી. એટલે જ તેને માતૃસંસ્થાથી બિરદાવવામાં આવ્યું છે. છેલ્લા ૪૭ વર્ષથી આ સેન્ટર વિવિધ પ્રવૃત્તિઓનું સફળતાપૂર્વક આયોજન કરી રહ્યું છે. કોવીડ મહામારીના કારણે મેમ્બરોનું સંમેલન શક્ય ન હતું. પણ આપણા ઉદાર દિલદાતા પ્રમુખ શ્રી દિનેશભાઈ ધોળકીયા અને અન્ય કારોબારી સભ્યોએ નક્કી કર્યું કે આપણા સેન્ટરની ૪૭મી વર્ષગાંઠ નિમિત્તે સેન્ટરના હરએક સભ્યોને એક પ્રિમિયમ (યાદગાર ભેટ) આપવાનું નક્કી કર્યું. જે મેમ્બરોએ વ્યક્તિગત રીતે ઓફિસમાં આવીને મેળવી લીધી હતી. સેન્ટરની વર્ષગાઠના દિવસે ઓફિસને સુશોભીત કરવામાં આવી હતી, મેમ્બરો અને કારોબારી સભ્યોને ઓફિસમાં મળવાનો સુયોગ મળ્યો હતો. સેન્ટર આ પહેલા પણ સભ્યગણને સવિશેષ યાદ કરતાં પ્રાસંગિક ભેટો કુરીયર દ્વારા મોકલવામાં આવી હતી. દીવાળીના તહેવારમાં ડ્રાઈફ્રૂટસના બોક્સ, શિયાળામાં કચ્છથી મંગાવેલ ખાવડાનો સ્પે. અડદીયા પાક, ઉતરાણ નિમિત્તે મકર સંક્રાંતી ઉજવવા સ્પે. ડ્રાઈફ્રૂટ્સ ચિક્કી, સુરતથી મંગાવેલ પિસ્તા-કેસરની ઘારીનું વિતરણ કરવામાં આવ્યું હતું. મેમ્બરોએ આ સુદર પ્રસંગ ભેટ મોકલવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. વિલેપાર્લે ચૅરિટેબલ ટ્રસ્ટ એક અનોખું ટ્રસ્ટ વર્ષ ૧૯૮૨થી કાર્યરત છે. જે સાધર્મિક જરૂરિયાતમંદ કુટુંબને વિવિધ યોજનાઓ દ્વારા અવિરત સહાય કરી રહ્યું છે. સવિશેષ અનાજ રાહતની યોજનામાં ૨૦૦થી વધારે પરિવારોને આવરી લેવાયા છે. કોવિડ મહામારીના કારણે ત્રિમાસીક અનાજને બદલે નિયમિત રોકડ આર્થિક મદદ રૂપે મોકલવામાં આવે છે. વર્ષ એપ્રિલ ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧ દરમ્યાન દરેક કુટુંબને વર્ષમા ૪ વખત રૂપિયા ૧૫૦૦ (ટોટલ ૬૦૦૦ રૂપિયા) ચેક દ્વારા પહોચતા કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત એપ્રિલ ૨૦૨૧ મહિનામાં દરેક કુટુંબને ૧૫૦૦ તથા જુલાઈ મહિનામાં પણ દરેક કુટુંબને રૂપિયા ૧૫૦૦ ચેક દ્વારા પહોચતા કરવામાં આવ્યા છે. આ સિવાય શૈક્ષણિક, મેડિકલ, સીલાઈ મશીન માટે પણ સહાય કરવામાં આવી હતી. કુદરતી આફતો વખતે રાહત અને અન્ય સેવાઓ આપી રહેલ છે. આપણા સેન્ટરના ભૂતપૂર્વ પ્રમુખશ્રી પ્રવિણભાઈ ડી. શાહ અને તેમના પરિવારોએ આપેલ રૂા. ૩૦ લાખનું અનુદાન અનાજ રાહતના શુભ કાર્ય માટે આપેલ છે. જે ખૂબ જ અનુમોદનીય છે. સંસ્થા દરેક દાનવીરોનો આભાર માને છે અને આવા માનવતાના કાર્યોમાં પ્રોત્સાહીત કરે છે. આશા છે કે હવે આ કોવિડ મહામારીમાથી જલદી બહાર આવીએ અને જીવન પહેલાં જેવું આનંદમય-મંગળમય બને. એકબીજાને હળવા-મળવાનું થાય. મન પ્રફુલ્લિત થાય એવી શુભ ભાવના.

# ધ્વનિ અને મંત્ર

ધ્વનિને નાદ અને સૂર પણ કહેવામાં આવે છે. ધ્વનિ એટલે અપ્રગટ રીતે પ્રગટ કરાતો શબ્દોનો સમૂહ મનના ભાવોને વાણીરૂપે નહિ પરંતુ ખાસ કોઈ પ્રકારના સંકેત દ્વારા વ્યકત કરવામાં આવે છે. ખાસ અમૂક પ્રસંગોનું, અમુક જગ્યાઓનું, વિશિષ્ટ પ્રકારનું મહત્વ તેને અનુરૂપ એવું વાતાવરણ સર્જવા માટે અચૂક સાધનો દ્વારા ધ્વનિ, નાદ, સૂર લહેરાવવામાં આવે છે. જે વાતાવરણમાં અમૂક પ્રકારની ન્યૂનતા લાવે છે, અને જેમનો પડઘો સાંભળવાવાળાના મન ઉપર પડે છે અને તેમના માનસ ઉપર પ્રસંગ ઉચિત ચિત્ર ખડું થાય છે.

ધ્વનિ નાદ, સૂર એ વિશ્વના પટ ઉપર જુદા જુદા ક્ષેત્રોએ વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

(૧) મંદિરમાં આરતી વખતે ઝાલર, ઘંટ, નગારા તથા શંખ દ્વારા ધ્વનિ લહેરાવી આજુબાજુના વાતાવરણને દિવ્યતાથી ભરી દેવામાં આવે છે.

(૨) ભગવાનની પૂજા વખતે હારમોનીયમ, ઢોલકા, ખંજરી, ઘંટારવ, થાળીનો ધ્વનિ લહેરાવી વાતાવરણને ચેતનવંતુ બનાવી દે છે.

(૩) ભજનમાં તંબુરા તથા મંજીરાના ધ્વનિથી વાતાવરણ ભાવભર્યું લાગે છે.

(૪) કીર્તનમાં ઢોલકા તથા ઝાંઝ પખાલના નારાથી વાતાવરણ ઉલ્લાસવાળું લાગે છે.

(૫) શુભ પ્રસંગોએ ઢોલ, ત્રાસા, શરણાઈ કે બેન્ડનો ધ્વનિ વાતાવરણને દૈદિપ્યમાન બનાવી દે છે.

(૬) બાળક જન્મ પ્રસંગે થાળી વગાડવામાં આવે છે જે નવા આગંતુકના આવા ગમનને વધાવે છે તેવું વાતાવરણ ખડું કરે છે.

(૭) મોટા રાજદ્વારી પુરુષોના આગમનને તોપોના નાદથી વધાવવામાં આવે છે. જે વાતાવરણમાં એક પ્રકારનો મોભો જમાવી દે છે.

(૮) ટ્રેઈન આગલા સ્ટેશનથી છૂટવા વખતે અથવા જે તે સ્ટેશનથી રવાના થતી વખતે ઘંટ વગાડવામાં આવે છે. જે વાતાવરણમાં સાવચેતતા લાવે છે.

(૯) તિર્થંકર પરમાત્માના સમોવસ રણમાં દિવ્ય દુદુંભી નાદના સૂરો લ્હેરાતા હોય છે. જે વાતાવરણને આધ્યાત્મિકતાના રંગથી રંગી દે છે.

(૧૦) લડાઈના મોરચે રણશીંગા વગાડવામાં આવે છે. જેનાથી વાતાવરણમાં શૌર્યતા પ્રગટે છે.

(૧૧) બંસરીના નાદોથી ગાયો આકર્ષાઈ ધ્વનિના સ્થળોએ આવી આનંદ વિભોર બની જતી હોય છે.

(૧૨) મોરલીના નાદોથી વિષધરો આનંદિત થઈ ગેલ કરવા લાગી જાય છે.

(૧૩) સંગીતના સૂરોથી આકર્ષાઈ મૃગલાઓ ભયને વિસરી જઈને સંગીત સાંભળવામાં તલ્લીન બની જાય છે.

(૧૪) ગાયો તથા ભેંસોના દોહન વખતે અમૂક પ્રકારનું સંગીત વગાડવામાં આવે છે. જેથી ગાયો તથા ભેંસો દૂધ વધારે આપે છે.

(૧૫) સાગરરાજ તથા વાયુદેવ કોઈ કોઈ વખત તેમનું મંદમંદ સંગીત લ્હેરાવી વાતાવરણ પ્રફુલ્લિતતાવાળું બનાવી દે છે.

(૧૬) ખેતરમાં અમૂક પ્રકારનું ધ્વનિ લ્હેરાવવાથી ઉભા મોલમાં વધારે પાક ઉત્પન્ન થાય છે. આવા દાખલાઓ પણ નોંધાયા છે.

(૧૭) સંગીતના પ્રભાવથી વાઘ જેવા હિંસક પ્રાણીઓ હિંસકતા છોડી શાંતિથી સંગીતના સૂરો સાંભળી તેમાં તલ્લીન બની જાય છે.

(૧૮) ધ્વનિથી છાયા ચિત્રો ઉપસાવામાં આવ્યા છે.

ટૂંકામાં ધ્વનિ, નાદ, કે સંગીતના સૂરોથી આનંદ, ઉલ્લાસ, શૌર્યતા, દિવ્યતા, સુશોભિતતા, પ્રફુલ્લિતતા પ્રગટાવી શકાય છે.

ગોંડલ સંપ્રદાય કે મહામંત્ર પ્રભાવક પૂ. જગદીમુનિ મ.સા. કે સુશિષ્ય સદ્‌ગુરુદેવ પૂ. શ્રી પારસમુનિ મ.સા.

# નવું વર્ષ વિક્રમ સંવત ૨૦૭૮
# નૂતન વર્ષાભિનંદન

જૂનું વર્ષ સરી જાય છે અને માનવનાં મનમાં નવી નવી આશાઓ જમાવતું નવલા વર્ષનું પ્રભાત પ્રગટે છે. વીતેલા વર્ષનું સારાં-નરસાં કાર્યો કે વૃદ્ધિ લાભનું સરવૈયું કઢાય છે, જૂની આળસ ખંખેરી નાખીને નવા વર્ષે નવા સંકલ્પ લેવાય છે.

દીપાવલી પર્વ એટલે પ્રકાશપૂંજનો ઉત્સવ, આનંદ અને ઉલ્લાસનો ઉત્સવ. દીપાવલી પર્વ સમગ્ર ભારત દેશમાં અનેક વર્ષોથી પ્રકાશ અને પ્રગતિના સોપાન રૂપે ઉજવાય છે. દીપાવલી એ અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનારું પર્વ છે. દીપાવલી તેજ અને પ્રકાશનું પ્રતીક છે, જે આસો વદ એકાદશીથી અમાવસ્યા સુધીનું ઉત્સવ પંચક છે. દીપોત્સવી એટલે પાંચ દિવસ સુધી નવા વિચારો, નવા સંબંધો, નવી આશા, નવા ઉત્સાહની ચેતના, નવા ઉમંગની અભિલાષાથી આપણા સૌના જીવનને મહેંકાવવાતું પર્વ.

આપણે ત્યાં દરેક તહેવારનું મહત્ત્વ રહેલું છે અને તેની સાથે કોઈને કોઈ ઘટના સંકળાયેલી હોય છે. એ જ રીતે દિવાળીના પાંચ શુભ દિવસો પાછળ પણ કેટલીક માન્યતાઓ સંકળાયેલી છે, તો આપણે હવે આ તહેવારોના મહત્ત્વ પર નજર કરીએ.

ધનતેરસઃ દિવાળીના પાંચ દિવસોમાંથી આ પ્રથમ શુભ દિવસ ગણાય છે. ધનતેરસના દિવસે ધનની એટલે કે લક્ષ્મીજીની પૂજા કરવામાં આવે છે. તેની પાછળ એક માન્યતા એવી છે કે જ્યારે સમુદ્રમંથન થયું ત્યારે દરિયામાંથી અમૃતકુંભ લઈને ધનવંતરી દેવ પ્રગટ થયા હતા. એટલા માટે આ દિવસે ધનવંતરીની પૂજા કરવામાં આવે છે. અને આભૂષણોની પૂજા કરવામાં આવે છે. આ દિવસે આપણે સૌ ભક્તિભાવપૂર્વક લક્ષ્મીપૂજન કરીએ છીએ. જોકે લક્ષ્મીપૂજાના પાંચ તહેવારો આવે છે. આપણા દેશમાં ઘણા હિંદુ પરિવારોમાં સ્ત્રીઓ દર ગુરુવારની સાંજે લક્ષ્મીજીનું પૂજન કરે છે.

કાળી ચૌદશઃ શ્રીકૃષ્ણ ભગવાનને ૧૬૦૮ રાણીઓ હતી એમ જાણવા મળ્યું છે અને તેનો જવાબ કાળી ચૌદશ સાથે જોડાયેલો છે. એવી માન્યતા છે કે નરકાસુર નામના રાક્ષસને શ્રીકૃષ્ણએ તેમની પત્ની સત્યભામાના હાથે બંધ કરાવી ૧૬૦૮ દેવી પુત્રીઓ જે જેલમાંથી મુક્ત કરાવી તેની સાથે લગ્ન કર્યા હતાં. નરકાસુરની માતા ભૂદેવીએ નરકાસુરના મરણ પર શોક કરવાને બદલે ઉત્સવ મનાવ્યો. એ દિવસને શુભ દિવસ જાહેર કર્યો. કાળી ચૌદશની રાત તાંત્રિકો માટે તંત્ર-મંત્ર અને મેલી વિદ્યાની સિદ્ધિ મેળવવા અને સાધના કરવા માટેનો ઉત્તમ દિવસ માનવામાં આવે છે.

દિવાળીઃ આ દિવસ તેજ અને પ્રકાશપૂંજનું પ્રતીક ગણાય છે. પ્રકાશ આપણને દીવામાંથી પ્રાપ્ત થાય છે. દીવડો માત્ર અજવાળું આપતો દીવો નથી. પરંતુ અંધકાર પર પ્રકાશના, અજ્ઞાન પર જ્ઞાનના વિજયનું પ્રતીક પણ છે. દિવાળી એટલે વિક્રમ સંવત વર્ષનો અંતિમ દિવસ ગણાય છે.

દિવાળીના તહેવાર માટે પુરાણોમાં અનેક મત-મતાંતરો જોવા મળે છે. જેમ કે આ દિવસે ભગવાન વામને બલિરાજાને પાતાળનું રાજ્ય આપ્યું હતું. તેથી આ દિવસનો બલિ રાજ્યોત્સવ કહેવાય છે. જ્યારે આ દિવસે ભગવાન રામ પણ ગાદીએ બેઠા હોવાથી રામરાજ્યોત્સવ પણ કહેવાય છે અને આ દિવસ મહાવીર સ્વામી નિર્વાણ દિન પણ છે. આ દિવસે વેપારીઓ દ્વારા ચોપડાપૂજન અને લક્ષ્મીપૂજન કરવામાં આવે છે. અને આ દિવસે ગણપતિ બાપા, લક્ષ્મીદેવી અને સરસ્વતીદેવીનું પૂજન કરવામાં આવે છે.

નવું વર્ષ-બેસતું વર્ષઃ આ દિવસને નતૂન વર્ષાભિનંદન કહેવાય છે. કારતક મહિનાના પ્રથમ દિવસને કારતક સુદ એકમ કહેવાય છે. શક સંવત મુજબ વર્ષના આઠમા મહિનાનો આ પહેલો દિવસ છે. આ દિવસે વેપારીઓ સવારના સમયે શુકન પછી દુકાનો ખોલી મૂહુર્તના સોદા કરી લાભપાંચમ સુધી ધંધો બંધ રાખે છે. ગુજરાતીમાં વર્ષના પ્રથમ દિવસને બેસતું વર્ષ કહેવાય છે અને આ દિવસથી વિક્રમ સંવત અને જૈન વીર સંવતનું વર્ષ ચાલુ થાય છે.

ભાઈબીજઃ આ દિવસે યમુના મહારાણીએ તેના ભાઈ યમરાજ પાસે એવું વરદાન માગ્યું હતું કે ભાઈબીજના દિવસે જે લોકો યમુના નદીમાં સ્નાન કરે તેમને યમરાજનું તેડું જલદી નહી આવે અને તેથી આ દિવસે યમુના યમુનાના સ્નાનનું મહત્ત્વ વધી જાય છે. આ દિવસે બહેન ભાઈને પોતાના હાથે ભોજન કરાવે છે અને લાંબી ઉંમર આવરદા માટે પ્રાર્થના કરે છે. આ દિવસે યમરાજનું પૂજન કરવામાં આવે છે, તેથી તેને યમબીજ પણ કહે છે. તેમ જ યમરાજ અને ચિત્રગુપ્તની પૂજાની સાથે સાથે પુસ્તકો કલમ અને ખડિયાની પણ પૂજા કરવામાં આવે છે.

સૌ હિંદુ ભાઈઓ-બહેનો અને સર્વે જ્ઞાતિના લોકોને નૂતન વર્ષાભિનંદન.

# જૈન આહાર - જૈન ફૂડ

જૈન ધર્મમાં વિવિધ શાસ્ત્રોની ઉપલબ્ધિ છે. આમાં જૈન આહાર પણ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. શું ખાવું, શું પીવું, કેવી રીતે ખાવું-પીવું, આહાર બનાવવાની રીતો તથા આહાર વાપરવાનો સમય બધું સેંકડો વર્ષો પહેલાં નક્કી કરેલું છે. એટલું જ નહી પણ શાસ્ત્રો દ્વારા લેખીત રજૂઆત પણ થયેલી. એટલે જ જૈન ધર્મમાં આહારનું મહત્વ ખૂબ જ વધી જાય છે. આહાર લેવો અને ઉણોદરી અર્થાત પેટ ખાલી રાખવું એટલે ઉપવાસની પણ ક્રમબધ્ધ સમજણ જૈન આહાર શાસ્ત્રમાં આપવામાં આવેલી છે. એટલે જ જૈનો આઠ, દશ પંદર અરે ત્રીસ દિવસના પચ્ચકખાણ સહ ઉપવાસ કરે છે. જે જૈનતરો માટે કદાચ નવાઈની ઘટના છે. યાદ રહે આ ઉપવાસમાં માત્ર ઉકાળીને ઠારેલું પાણી જ દિવસ દરમ્યાન વાપરી શકાય છે. રાત્રી દરમ્યાન સંધ્યાકાળ બાદ નહી જ.

જૈન આહાર શાસ્ત્રમાં આહાર કેવો, કેટલો અને ક્યારે લેવો તેનું પણ સ્પષ્ટ માર્ગદર્શન છે. જૈન સમાજનો મોટો વર્ગ આહાર શાસ્ત્રમાં સ્પષ્ટપણે માને છે એટલે જ ''જૈન આહાર'' વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. એક અચંબાભરી હકીકત છે કે વિશ્વભરની એરલાઈન્સો અને પંચતારંકિત હોટલો તથા લોજ અને વિશીઓમાં પણ જૈન ફૂડની વિશેષ વ્યવસ્થા હોય છે. નાનો અમથો જૈન સમાજ આ વ્યવસ્થાનો સુપેરે લાભ લે છે અને તે માટે કદાચ વધારે નાણાં પણ ચૂકવે છે.

ઉકાળેલું પાણી સવારે સૂર્યોદય બાદ જ વાપરી શકાય અને સૂર્યાસ્ત બાદ પાણી કે આહાર કશું જ નહિ. આમ પાણીનો આહાર પણ મર્યાદિત સમય માટે જ લેવાનો. કંદમૂળ અને અભક્ષ્ય વસ્તુઓનો પણ ઉપયોગ નહી જ કરવાનો. ચૂસ્ત શાકાહારમાં માનતા જૈન શાસ્ત્રો કઈ કઈ ચીજો આહાર માટે અભક્ષ્ય છે તેની વિસ્તૃત છણાવટ કરે છે. અમુક ઋતુમાં અમુક વસ્તુઓનો ઉપયોગ નિષેધ રાખવામાં આવ્યો છે.

આમ છતાંય જૈન પાઉંભાજી કે જૈન ભેળપૂરી જેવા પાટીયાં ઝૂલતા જોઈએ ત્યારે આઘાત અને આશ્ચર્ય થાય. જૈન આહાર શાસ્ત્ર પાઉં-બિસ્કીટ-કેક જેવી વાનીઓનો સ્પષ્ટ નિષેધ કરે છે. અરે! ઉભા ઉભા બૂફે સીસ્ટમથી જમવાની વ્યવસ્થા પણ માન્ય નથી તેથી ઘણા સ્વામીવાત્સલ્યોમાં તો ઠીક પણ ઘરના પ્રસંગોમાં પણ મહેમાનોને બેસીને જમાડવાની વ્યવસ્થા થાય છે.

એક આછકલી માન્યતા છે કે કાંદા, બટાટા ને લસણ વગરની વાનગીઓ એટલે જૈન વાનગી. આ માન્યતા ગેરસમજણ ભરેલી છે. હાલમાં આહારમાં જે જે સામગ્રીઓ વપરાય છે. તેમાં ઘણી કંદમૂળ કે ભાજીપાલો છે તે આહારમાં વાપરવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

ફણગાવેલા કઠોળ કે આથો દીધેલો લોટ તેમજ સૂર્યોદય પહેલાં અમુક સમયે બનાવેલી વસ્તુઓ-વાનીઓ જ ખપે. વાસી રાંધેલો ખોરાક અમાન્ય છે. જૈન આહારશાસ્ત્ર ખૂબ જ બારીકાઈથી દરેક બાબતોનું નિરીક્ષણ કરે છે. થાળી ધોઈને પી જવું અર્થાત્ ખોરાકનો બગાડ ન જ થવા દેવો એવો સ્પષ્ટ આગ્રહ રાખવામાં આવે છે. જૈન આહાર શાસ્ત્રમાં દર્શાવેલ વ્યવસ્થાથી વિરુદ્ધનો આહાર માણસના આરોગ્ય પર વિપરીત અસર કરે છે. પાણી ગાળી-ઉકાળીને જ પીવું એટલું જ નહી લોટ દળવા માટે, અનાજ વિણવા માટે તથા શાકભાજી સમારવા માટે પણ યોગ્ય પદ્ધતિ વિકસાવવામાં આવી છે. જૈનો આ બાબતમાં ચૂસ્ત છે. તેઓ આહાર જતો કરવા તૈયાર છે, પણ બાંધછોડ કરવા તૈયાર નથી.

અને આવી અલૌકિક આહાર વ્યવસ્થાને કારણે જૈન કોમ નાની હોવા છતાં વિશ્વના મોટા ભાગમાં જૈન આહાર તૈયાર પણ થાય છે અને ઉપયોગમાં પણ લેવાય છે. જૈન આહાર શાસ્ત્ર પ્રભુ મહાવીરના શાસનનું અનેરું મહત્વ ધરાવતું અને ઉપયોગી પ્રકરણ છે.

- હરીશ શાંતિલાલ મહેતા

## જેજેસી મોરબી દ્વારા રજત જયંતી વર્ષની ઉજવણી

જૈન જાગૃતિ સેન્ટર મોરબી દ્વારા રજત જયંતી વર્ષની ઉજવણી નિમિત્તે યોજેલ સર્વરોગ નીદાન કૅમ્પ તથા બ્લડ ડોનેશન કૅમ્પમાં તા. ૧૭-૧૦-૨૦૨૧ના રોજ દશાશ્રીમાળી વણીક વાડી મોરબી ખાતે લગભગ ૩૨૦ પેશન્ટે લાભ લીધેલ હતો.

ઉપરોક્ત કૅમ્પમાં ડૉ. રવી પટેલ, ડૉ. વૈભવ દફ્તરી તથા ડૉ. વિવેક પટેલ (રાધાક્રીષ્ન હૉસ્પિટલ), ડૉ. દીક્ષિત કાસુંદ્રા (કામ્યા સ્કીન ક્લીનીક), ડૉ. વીશાલ રૂપાલા (નેત્રા આંખની હૉસ્પિટલ)એ સેવા આપી હતી.

જેમાં દર્દીના RSB, ECG, ફેફ્સાની તપાસ (PFT) બીપી, હૃદય, ડાયાબીટીસ, આંખ, ચામડીની તપાસ કરીને દવા વિનામુલ્યે આપવામાં આવી હતી.

સંસ્કાર બ્લડ બેન્ક માટે કૅમ્પમાં ૫૭ બોટલ રક્તનું ડોનેશન મળ્યું હતું. મહીલાઓએ પણ મોટી સંખ્યામાં બ્લડ ડોનેટ કર્યું હતું.

કાર્યક્રમ સફળ બનાવવા જેજેસી પ્રમુખ જીતેન દોશી તથા સમગ્ર ટીમે ખુબ જહેમત ઉઠાવી હતી.

### જેજેસી ભુજ

તા. ૨૧-૯-૨૧ના દિવસે જેજેસી ભુજ દ્વારા મહાવીર જૈન બોર્ડીંગ મધ્યે કોરોના કોવિડશિલ્ડ વેક્સિનના બીજા ડોઝ માટે ના કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં સભ્યો તથા અન્ય લોકો એ બહોળી સંખ્યામાં બીજો ડોઝ લીધેલ હતો.

આ આયોજનને સફળ બનાવવા માટે પ્રોજેક્ટ ચેરમેન - ભરત બાબરીયા તથા કેતન મોરબિયા તથા સમસ્ત કારોબારી ટીમે જહેમત ઉઠાવી હતી.

વિશ્વ મહામારીના અવસર પર વિશ્વના દરેક જીવોનું મંગલ થાય એ જ પ્રાર્થના

## જેજેસી રાપર

જૈન જાગૃતિ સેન્ટર રાપર દ્વારા સમસ્ત જૈન સમાજ માટે એક દિવસીય નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમસ્ત જૈન સમાજે લાભ લીધેલ.

ગરબામાં ભાગ લેનાર સ્પર્ધકોને ૧થી ૩ નંબરના વિજેતાઓને ઈનામો આપવામાં આવેલ. ટ્રેડીશનલ ડ્રેસ પહેરીને રમનારને વિજેતા પ્રાયોરેટી આપવામાં આવેલ.

પ્રમુખ શ્રી વિનોદ એચ. દોશી તથા મંત્રી શ્રી કિર્તી સી. મોરબીઆએ તેમની યાદીમાં જણાવેલ.

## જેજેસી - ધોરાજી

જેજેસી ધોરાજીના સ્થાપના દિવસે ૧૧ વર્ષ પહેલા તા. ૧૦-૧૦-૨૦૧૦ના શુભ દિવસે ધોરાજીમાં જૈન જાગૃતિ સેન્ટરની સ્થાપના કરવામાં આવી. હાલ ૧૧ વર્ષ પૂર્ણ કરી ૧૨માં વર્ષમાં મંગલ પ્રવેશ થયો ત્યારે જૈન જાગૃતિ સેન્ટર ધોરાજીના સમગ્ર પરિવારને ખૂબખૂબ અભિનંદન અને શુભેચ્છા.

## અનુપ્રેક્ષા...

અરિહંત ભગવાન પાસે વીતરાગતાનું સુખ છે.
સિદ્ધ ભગવાન પાસે સ્વરૂપ રમણતાનું સુખ છે.
આચાર્ય ભગવંત પાસે આચાર પ્રરૂપણાનું સુખ છે.
ઉપાધ્યાય ભગવંત પાસે જ્ઞાન લિનતાનું સુખ છે.
સાધુ ભગવંત પાસે પ્રસન્નતાનું સુખ છે.
અરિહંત પુર્ય પદ છે.
સિદ્ધ પૂર્ણ પદ છે.
આચાર્ય પ્રભાવ પદ છે.
ઉપાધ્યાય પ્રદાન પદ છે.
સાધુ પ્રશમ પદ છે.
દર્શન પ્રગતિ પદ છે.
જ્ઞાન પ્રકાશ પદ છે.
ચારિત્ર પરિહાર પદ છે.
તપ પ્રહાર પદ છે.

પ. પૂ. દીક્ષિતરત્ન વિજય મ.સા.

**જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ તથા જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા જાગૃતિ સંદેશનું નવા વરસનું નવું નજરાણું**

જય જીનેન્દ્ર સહ જણાવવાનું કે નવા યુગની નવી ટેકનોલોજી સાથે જાગૃતિ સંદેશ પણ તેમાં જોડાય છે. જૈન જાગૃતિના દરેક સમાચાર આપને પત્રિકાના રૂપમાં મળતા હતા તે હવે ઑનલાઈન મળશે.

આજે દરેક પ્રવૃત્તિ ઑનલાઈન થઈ ગઈ છે. તેમાં આપણે પણ આપણા સેન્ટરના સમાચારો હવે ઑનલાઈન આપીશું તેની દરેક સેન્ટરના પ્રમુખને જાણ કરીએ છીએ.

જેજેસીના દરેક સભ્યોને જાણ કરે. દરેક પ્રમુખ, સેક્રેટરી, તથા કમિટી મેમ્બરને વિનંતિ છે કે તેઓ તેમના સેન્ટરના દરેક સભ્યોના મોબાઈલ નંબરની ડીટેલ્સ લઈ તેની પ્રિન્ટઆઉટ સેન્ટ્રલ બોર્ડમાં મોકલી આપે.

આના પછી દરેક સભ્યોને જણાવવામાં આવે છે કે હવે પછીના દરેક સેન્ટરના સમાચાર આપને ઑનલાઈન જોવા મળશે.

**આ આપની જાગૃતિ સંદેશની પત્રિકાની છેલ્લી આવૃત્તી છે.**

લિ.

જીતેન્દ્ર એસ. કોઠારી
ચેરમેન
જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ
ચૅરિટેબલ ટ્રસ્ટ

પ્રફુલ વી. કામદાર
ચૅરમેન
જેજેસી સેન્ટ્રલ બોર્ડ

Jain Jagruti Centre
Central Board Charitable Trust
201, Matharu Arcade, Shubhash Road, Vile parle (E), Mumbai - 400 057.
E-mail : admin@jainjagruti.com, Tel.: 66956699 / 66973038

BUSINESS FINANCIAL ASSISTANCE

તા. ૧૪.૯.૨૧

સાધર્મિક વાત્સલ્ય સેવા

## "પ્રમાણિકતા અને પુરૂષાર્થ હોય તો સિધ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય જ છે"

જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના **બિઝનેસ ફાનાન્શિયલ આસિસ્ટેન્સ** અંતર્ગત **"આત્મનિર્ભર યોજના"** દ્વારા એક નાની પ્રેરણાદાયી શરૂઆત કરી રહ્યા છીએ. આપ સહુના સહયોગથી આ નાનું બીજ ઘટાદાર વટ વૃક્ષ બની ચોતરફ ફેલાઇને વધુમાં વધુ લોકોને તેનો લાભ મળે એજ લક્ષ સાથે શુભારંભ કરી રહ્યા છીએ.

## યોજનાનો લાભ લઇ બનો આત્મનિર્ભર.

જેજેસી સેન્ટ્રલ બોર્ડ અને ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કોરોના સંક્રમણ કાળમાં નોકરી ગુમાવનાર, પરિવારમાં કમાવનાર સ્વજન ગુમાવનાર કે જેમનો વ્યવસાય બંધ થયો છે કે અંશતઃ અટક્યો છે એવા પરિવારોને આત્મનિર્ભર બનવા માટે વિશેષ યોજનાનું આયોજન કરવામાં આવેલ છે.

આ સદીની સૌથી મોટી મહામારીએ વિશ્વને સકંજામાં લઇ લીધું છે. ગત બે વર્ષમાં ઘણા પરિવારોને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો છે. અનેક લોકોના ધંધા રોજગાર, વ્યવસાય સાવ બંધ પડી ગયા છે કે અંશત અટકી ગયા છે. અમુક પરિવારોએ તો પરિવારમાં મુખ્ય કમાવનાર આપ્તજનને ગુમાવ્યા છે. જૈન જાગૃતિ સેન્ટરનો પરિવાર આવા પરિવારો માટે સંવેદના વ્યક્ત કરે છે. આવા કપરા કાળમાં કુદરતે આપેલી વેદના, ઘા ને આસાનીથી મિટાવી નથી શકાતો, પરંતુ એ સહન કરવાની શક્તિ પરિવારજનોને પ્રાપ્ત થાય એવી ઇશ્વરને પ્રાર્થના.

જેજેસી સેન્ટ્રલ બોર્ડ અને ચેરીટેબલ ટ્રસ્ટ એ આર્થિક રીતે જે પરિવારોની પરિસ્થિતીમાં વિક્ષેપ પડયો છે કે મુશ્કેલી ઉભી થઇ છે તે પરિવારોને આ યોજનાનો લાભ લેવા માટે વિનંતી કરીએ છીએ.

## જેજેસીના દરેક સેન્ટરોને નમ્ર અપીલ...

- ★ **જેજેસીના દરેક કાર્યોમાં આપ સૌ સેન્ટરોએ સાથ અને સહકાર આપીને સેન્ટ્રલ બોર્ડને અને ટ્રસ્ટના દરેક કાર્યોને વેગ આપેલ છે. દરેક સેન્ટરને ખાસ નમ્ર વિનંતી કે આ યોજનામાં આપના ગામ/શહેરમાં જે સાધર્મિક પરિવારોને જરૂર હોય તેઓને આ યોજનાનો લાભ મળે તેવા પ્રયત્નો કરી આ યોજનાને સફળ બનાવવામાં સહકાર આપે.**
- ★ **આપનો સાથ સહકાર અમૂલ્ય છે. વિનંતી કે જે કોઇ સેન્ટરનેઆ બાબતમાં વધુ જાણકારી જોઇતી હોય તો ટ્રસ્ટના ચેરમેન શ્રી જીતુભાઇ કોઠારી ૯૮૨૧૦૧૨૩૨૧ અથવા સેન્ટ્રલ બોર્ડના ચેરમેન શ્રી પ્રફુલ કામદાર ૯૮૨૦૦૩૮૬૬૪ નો જ સંપર્ક સાધવા વિનંતી.**

લિ.

જીતેન્દ્ર એસ. કોઠારી
ચેરમેન
જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ
ચેરિટેબલ ટ્રસ્ટ

પ્રફુલ વી. કામદાર
ચેરમેન
જેજેસી સેન્ટ્રલ બોર્ડ

Jain Jagruti Centre
Central Board Charitable Trust
201, Matharu Arcade, Shubhash Road, Vile parle (E), Mumbai - 400 057.
E-mail : admin@jainjagruti.com, Tel.: 66956699 / 66973038

BUSINESS FINANCIAL ASSISTANCE

ફોર્મ નં. જેજેસી/ / તા.

માનનિય શ્રી ચેરમેન/સેક્રેટરી,
જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઇ.

માનનિય શ્રી,
મને આપની બિઝનેસ ફાનાન્શીયલ આસિસ્ટેન્સ અંતર્ગત લોન મારા વ્યવસાય અર્થે જોઇએ છે. જેની વિગત નીચે પ્રમાણે જણાવેલ છે. હું આપની જણાવેલ શરતો મુજબ લોન પરત કરવા સહમત છું.

SPECIMEN FORM

### અરજ કરનારનું નામ તથા સરનામુ

નામ:

સરનામુ:

પુરૂષ ☐ મહિલા ☐

જન્મ તારીખ:

ઈ-મેલ:

### અન્ય મહત્વની વિગત

પરિવારની સભ્ય સંખ્યા :

કમાવનાર વ્યક્તિની સંખ્યા :

આશ્રિત વ્યક્તિઓની સંખ્યા :

### વ્યાવસાયિક વિગત

કંપનીનું નામ

સરનામુ:

વ્યવસાયનો પ્રકાર

વાર્ષિક ટર્નઓવર

છેલ્લા વર્ષનું ટર્નઓવર

### લોનની વિગત

લોન લેવાનો હેતુ:

કેટલા રોકાણની જરૂરત :

પોતાની જમા રાશી :

લોનની રકમ :

### સાથે લાવવા અન્ય જરૂરી મહત્વના દસ્તાવેજની વિગત

| | | | |
|---|---|---|---|
| પાન કાર્ડ | | ભાડા રસીદ/સોસાયટી મેન્ટે. બીલ | |
| આધાર કાર્ડ | | પ્રોફોર્મા ઇનવોઇસ | |
| ઇલેક્ટ્રીક બીલ | | પ્રોજેક્ટ રિપોર્ટ | |
| રેશન કાર્ડ કોપી | | કેન્સલ્ડ ચેક | |
| જૈન સંઘ મેમ્બરશીપ લેટર | | | |

## વાર્ષિક આકારણી

| | ચાલુ વર્ષ એપ્રિલ ૨૦-માર્ચ ૨૧ | અંદાજિત એપ્રિલ ૨૧-માર્ચ ૨૨ |
|---|---|---|
| વરસનું વેચાણ : | | |
| | | |
| કુલ નફો: | | |

## ધંધાકીય અન્ય મહત્વની વિગતો

## જામીન થનાર વ્યક્તિની વિગત

નામ :

સરનામુ :

મો. નં.:

જજેસી સેન્ટર :

હોદ્દો :

સહી :

## અન્ય સંસ્થામાંથી લીધેલ લોનની વિગત

સંસ્થાનું નામ :

જણાવેલ રકમ :

મેળવેલ રકમ :

SPECIMEN FORM

કોઇપણ કારણસર અરજી કરનાર વ્યક્તિ લોન પરત ચૂકવી ન શકે તે સંજાગોમાં જામીન આપનાર વ્યક્તિ બાકી રહેલ રકમ સંસ્થાને ચૂકવી આપવા બંધનકર્તા રહેશે.

લોન માટે ______ રૂા. ની રકમ આપવાની પરવાનગી આપવા વિનંતી કરૂં છું.
આભાર

નામ:

---

ફક્ત કાર્યલયની નોંધ માટે

પરવાનગી પાત્ર રકમ

પોસ્ટ ડેટેડ ચેક :

કુલ હપ્તાની સંખ્યા :

હપ્તાની રકમ :

હપ્તાની શરૂઆત તા.

નોંધ :

પરવાનગી આપનારનું નામ :

સહી

# નારાયણી નમોસ્તુતે

## વિવિધ ક્ષેત્રમાં શ્રેષ્ઠ યોગદાન બદલ ગુજરાતના મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યની ૧૮ મહિલાઓનું સન્માન, જાણો આ વિશિષ્ટ મહિલાઓ વિશે





મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલે નવરાત્રીના નાવમાં નોરતે રાજ્યની ૧૮ મહિલાઓનું સન્માન કર્યું, જેમણે વિવિધ ક્ષેત્રમાં આગવું યોગદાન આપ્યું છે.

આજે ૧૪ ઓકટોબર અને નવરાત્રીના નાવમાં નોરતે મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલે વિવિધ ક્ષેત્રમાં શ્રેષ્ઠ યોગદાન બદલ રાજ્યની ૧૮ મહિલાઓનું સન્માન કર્યું. 'નારાયણી નમોસ્તુતે' કાર્યક્રમ હેઠળ આ ૧૮ નારીશક્તિનું સન્માન કરવામાં આવ્યું તેમાં ભાવીના પટેલ, શ્વેતા પરમાર, મૈત્રી પટેલ, પાબીબેન રબારી, મિત્તલ પટેલ , હીનાબેન વેલાણી, ડો.ધરા કાપડિયા, પ્રેમીલાબેન તડવી, રૈયા તપિયા, શોભનાબેન શાહ, રસીલાવબેન પંડ્યા, અદિતી રાવલ, ડો.નીલમ તડવી, સ્તુતિ કારાણી, માનસી પી . કારાણી, પાર્મીબેન દેસાઇ, ભારતીબેન રામદેવ ખૂંટી અને દેમાબેન ચૌધરીનો સમાવેશ થાય છે. જાણો આ વિશિષ્ટ મહિલાઓના યોગદાન વિશે.

**૧) ભાવિના પટેલ - મહેસાણા :** મહેસાણાની ભાવિના પટેલે ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ









મેળવીને ભારતનું નામ સમગ્ર વિશ્વમાં રોશન કર્યું છે . તેમની મહેનતને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ અન્ય ખેલાડીઓ અને દેશની યુવતીઓ માટે એક પ્રેરણા ગણાવીને બિરદાવી હતી. ભાવિના છેલ્લાં ૨૦ વર્ષથી ટેબલ ટેનિસની રમતમાં તનતોડ મહેનત કરી છે જેના લીધે આ જવલંત સફળતા મળી છે.

**૨) શ્વેતા પરમાર - વડોદરા :** ગુજરાતના પ્રથમ અને દેશના ચોથા મહિલા સ્કાય ડાઈવર શ્વેતા પરમારે હજારો ફૂટ ઉંચાઇએથી કૂદીને સાહસનો અદ્ભુત પરિચય આપ્યો છે . તેઓ સ્પેનમાં ૨૯ , દુબઇમાં ૩ અને રશિયામાં ૧૫ જમ્પ કરી ચૂક્યા છે . હવે સરકાર તરફથી જો મંજૂરી મળે તો તેમને સ્ટેચ્યુ ઓફ યુનિટી પરથી કૂદવાની ઇચ્છા છે.

**૩) મૈત્રી પટેલ - સુરત :** અમેરિકામાં પ્રશિક્ષણ મેળવીને ૧૯ વર્ષની વયે એક કમર્શિયલ પાયલટ બન્યા છે . ૧૮ માસની તાલીમ ફક્ત ૧૧ મહિનામાં પૂરી કરીને સૌથી નાની ઉંમરના પાયલટ બનવાની સિદ્ધિ મેળવી છે . તેઓ એક ખેડૂતના પુત્રી છે અને પોતાની મહેનત અને લગનથી ઉડ્ડયન ક્ષેત્રે સફળતા મેળવી છે.

**૪) પાબીબેન રબારી - કચ્છ :** કચ્છી મહિલા એન્ટરપ્રેન્યોર પાબીબેન રબારીએ કચ્છી ભરતકામને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત કરાવી . પોતાના ગામની મહિલાઓને રોજગારી આપે છે . અભિતાભ બચ્ચનના પ્રખ્યાત ગેમ શોની ૧૨ મી સીઝનમાં કર્મવીર શ્રૃંખલામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

**૫) ડો. ધરા કાપડિયા - અમદાવાદ :** અમદાવાદના જાણીતા મહિલા એન્ટરપ્રેન્યોર છે , જેમણે નોકરી છોડીને પોતાનો વ્યવસાય શરૂ કર્યો. હાલ તેઓ મેંગો જંક્શન નામની સ્વીટ શોપ ચલાવે છે , જે ખૂબ જ પોપ્યુલર બની છે.

**૬) પ્રેમિલાબેન તડવી - SOU :** સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે મહિલા સ્વસહાય જૂથના પ્રમુખ તરીકે કાર્યરત છે . આરોગ્ય વનમાં ચાલતા વિવિધ પ્રોજેક્ટ્સમાં વિવિધ મહિલાઓ જે કામ કરી રહી છે , તેમનું નેતૃત્વ કરી રહ્યાં છે.

**૭) મિત્તલ પટેલ - અમદાવાદ :** વિચરતી જાતિઓ જેવી કે વાદી સમાજ , વણઝારાઓ વગેરેના ઉત્થાન માટે કાર્ય કર્યું છે. ખાસ કરીને આવી જાતિઓને ઓળખપત્ર મળે અને તેઓ સરકારની વિવિધ યોજનાઓના લાભ મેળવીને સમાજની મુખ્યધારામાં સમાવિષ્ટ થઈ શકે તે માટે કાર્યરત છે.

**૮) હીનાબેન વેલાણી :** કોરોના દરમિયાન મૃત્યુ પામેલાં દર્દીઓની અંતિમવિધિ કરાવીને સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

**૯) દુરૈયા તપિયા - સુરત :** કોરોનાકાળ દરમિયાન દેશવ્યાપી ટ્રક રાઇડ દ્વારા ગામના લોકોને માસ્ક , સેનિટાઇઝરનું વિતરણ કર્યું અને સમાજમાં એક સશક્ત મહિલા અને સમાજસેવાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું.





**૧૦) શોભના સપન શાહ :** દીવ્યાંગ સમાજસેવિકા જે સમાજમાં હકારાત્મક અભિગમ માટે જાગૃતિ લાવવા પ્રયત્નશીલ છે. વ્યસનમુક્તિ સલાહ કેન્દ્રમાં સલાહકાર રહ્યાં , ક્રયોન ફાઉન્ડેશનની સ્થાપના કરી , દર્દીઓને ટિફીન, ગરીબ બાળકોને સ્કૂલબેગ , શ્રમજીવી મહિલાઓને દવા આપવા સહિતની કામગીરી કરી , અત્યારે પાંચેક વર્ષથી વિનામૂલ્યે લોકોનું કાઉન્સેલિંગ કરી રહ્યાં છે.

**૧૧) રસીલાબેન પંડ્યા :** વિવિધ યુવા , મહિલા પ્રવૃત્તિઓ, પર્યાવરણ, કુપોષણ , ભ્રૂણહત્યા, કાયદાકીય જાગૃતિ, સ્પોર્ટ્સ અને એડવેન્ચર્સ સેમિનાર, સામાજિક કાર્યો વગેરેમાં હંમેશાં કાર્યરત. ગરીબ બાળકોના ઉત્થાન માટે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે.

**૧૨) અદિતિ રાવલ - અમદાવાદ**







: જાણીતા RJ , યુટ્યુબર , ગુજરાત સરકારના વિવિધ કાર્યક્રમો અને પર્યટન સ્થળો વિશે સોશિયલ મીડિયામાં રજૂઆત કરતા રહે છે.

**૧૩) ડો.નિલમ તડવી - SOU :** સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે રેડિયો જોકી ગ્રુપના એક સભ્ય છે. તેઓ પોતાના લિસનર્સ સાથે રેડિયો પર સંસ્કૃત ભાષામાં વાત કરે છે અને તેઓ કેવડિયામાં સંસ્કૃત ભાષાનું માન વધારવામાં પ્રવૃત્ત છે . વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' રેડિયો પ્રોગ્રામમાં તેમના ગ્રુપનો અને નામનો ઉલેખ કર્યો હતો.

**૧૪) સ્તુતિ કારાણી - કચ્છ :** તેઓ સંગીત પરિવાર સાથે સંબંધ ધરાવે છે અને ઓલ ઇન્ડિયા રેડિયોમાં ક્વોલિફાઇડ આર્ટિસ્ટ છે . તેઓ રાષ્ટ્રીય કક્ષાએ ઘણા પુરસ્કારો મેળવી ચૂક્યા છે તેમજ ધણા ટીવી શો તેમજ ફિલ્મોમાં પ્લેબેક કરી ચૂક્યા છે . ભારત સિવાય તેમણે વિદેશોમાં પણ તેમની ગાયકી રજૂ કરી છે . તેઓ 'કચ્છની કોયલ' તરીકે પણ જાણીતા છે.

**૧૫) માનસી પી. કારાણી :** તેમણે ભરતનાટ્યમ તેમજ યોગના ક્ષેત્રે સફળતા મેળવી છે. તે સિવાય જીમ્નાસ્ટીક અને ભારતની પરંપરાગત માર્શલ આર્ટ્સ કલારિપટ્ટુની તાલીમ મેળવેલ છે.

**૧૬) પાર્મીબેન દેસાઈ - અમદાવાદ :** લેખિકા , એન્કર , ઓરેટર . મુખ્યત્વે ટૂંકી વાર્તા , માઇક્રોફિક્શન અને અછાંદસ લેખનમાં પ્રવૃત્ત છે. અછાંદસ માટે રાજ્ય કક્ષાએ તથા ટૂંકી વાર્તા માટે રાષ્ટ્રીય કક્ષાએ પુરસ્કૃત છે. તેઓ સ્વલિખિત ટૂંકી વાર્તાઓ તેમ જ સમાજ ઉપયોગી આર્ટિકલ્સ પોતાનાજ અવાજમાં રેકોર્ડ કરી સોશિયલ મીડિયામાં વહેતા કરે છે જે ખૂબ લોકચાહના પામે છે . પબ્લિક સ્પીકર તરીકે પણ તેઓ અનુભવી છે.

**૧૭) ભારતીબેન રામદેવ ખુંટી - પોરબંદર :** કૃષિ અને પશુપાલન લંડનની નોકરી છોડી ખેતી કરે છે. ગામડામાં ખેતી કરીને લોકો સમક્ષ આત્મનિર્ભર મહિલાનું ઉદાહરણ સ્થાપિત કર્યું.

**૧૮) દેમાબેન ચૌધરી :** રાજ્યકક્ષાના શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર દ્વારા સન્માનિત , દૂધ માટે બોટલિંગ મશીન વસાવ્યું છે, પ્રાકૃતિક ખેતી કરે છે.

# INCREASE STORAGE CAPACITY by 100%

KOMPRESS®
We create space on earth



# KOMPRESS COMPACTORS

## Kompress Product Range:

- Compactors
- Locker / Filing Cabinets
- Shelving Systems
- Multi-tier Racking
- AS/RS & Mini-Load Systems
- Pallet Trucks / Stackers
- Reach Trucks
- Pallet Racking
- Heavy Duty Mobile Racking
- Drive-In / Drive through Racking
- Pallet Shuttle
- Logistic Support
- Forklifts
- Order Picker
- FIFO / LIFO Racking

**Kompress (India) Pvt. Ltd.**

Godrej Coliseum, B Wing, Sion East, Mumbai 400022. India.

Tel: +9122 - 61740000 / 24090563 / 24078230 Fax: +9122 - 61740055 / 24096832

**ISO 9001 : 2015 | ISO 14001 : 2015 | ISO 45001 : 2018 | ISO 50001 : 2018**

**www.kompressindia.com | Toll Free : 1800 2700 232**

Ad Art

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26 Every Month
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2019-2021

JJC BUSINESS WORLD
A JAIN JAGRUTI CENTRE INITIATIVE

# JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD
# JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

*launches*

## BUSINESS FINANCIAL ASSISTANCE

### સાધર્મિક સ્વાવલંબી યોજના

કોરોના મહામારીના કારણે
જેઓના વ્યવસાય - રોજગારને
પ્રતિકૂળ અસર થઈ છે તેવા
સાધર્મિક પરિવારોને
આર્થીક રીતે પગભર કરવાનો
**નમ્ર પ્રયાસ**




**કોરોના સંક્રમણ કાળમાં**

**ઉપાર્જન કરતાં આપ્તજનને જો ગુમાવ્યાં હોય**
**તો સાધાર્મિક સ્વાવલંબી યોજનાનો લાભ લેશો**

Ad Art

Printed & Published by : **PRAFUL V. KAMDAR** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg., Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**